# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોમનાથ મહોત્સવને શ્રદ્ધા -આસ્થા, કલા અને આરાધનાનો ત્રિવેણી સંગમ ગણાવ્યો.**
2. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર ખેડૂતોની કોઈ પણ સમસ્યાનાં ઉકેલ માટે હંમેશા તત્પર રહી છે.**
3. **આણંદ જિલ્લાની આંકલાવ પાલિકા પર પણ ભારતીય જનતા પાર્ટીએ કબ્જો મેળવ્યો.**
4. **હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે ગરમી માટેનું યલો એલર્ટ જાહેર કર્યું.**
5. **અમદાવાદમાં યોજાયેલી એશિયન અંડર 14 ટેનિસ સ્પર્ધામાં વડોદરાનો કબીર પરમાર ચેમ્પિયન.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SOMNATH MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે સોમનાથ મંદિર ખાતે ત્રિદિવસીય સોમનાથ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી પટેલે સોમનાથ મહાદેવના દર્શન અને જળાભિષેક કરી પૂજા સામગ્રી અર્પણ કરી હતી.

શ્રી પટેલે  સોમનાથ મહોત્સવને શ્રદ્ધા-આસ્થા, કલા અને આરાધનાનો ત્રિવેણી સંગમ ગણાવ્યો હતો.

**(બાઈટ – મુખ્યમંત્રી, ભુપેન્દ્ર પટેલ)**

ગીરસોમનાથ જિલ્લાના  અમારા પ્રતિનિધિ એ સોમનાથ મહોત્સવ અંગે વધુ માહિતી આપી..

**(VOICE CAST - RAJESH BHAJGOTAR)**

# MAHASHIVRATRI – PRASAD

મહાશિવરાત્રી નિમિત્તે ભક્તો ભારતીય ટપાલની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા સોમનાથ કાશી વિશ્વનાથ અને મહાકાલેશ્વરના પ્રસાદ મેળવી શકશે.

આ અંગે પોસ્ટ માસ્ટર જનલર કૃષ્ણકુમાર યાદવે આ મુજબ જણાવ્યું...

**(બાઈટ : પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ)**

# RAJKOT-JUNAGARH SPECIAL TRAIN

જૂનાગઢનાં "મહાશિવરાત્રી મેળા" નિમિત્તે મુસાફરોની સુવિધા માટે , પશ્ચિમ રેલ્વે વિશેષ ભાડા સાથે રાજકોટ-જૂનાગઢ વચ્ચે તારીખ 25, 26 અને 28 ફેબ્રુઆરીનાં રોજ સ્પેશિયલ ટ્રેન દોડાવશે.

રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન રાજકોટથી સવારે 10.55 કલાકે ઉપડી બપોરે એક કલાકે જૂનાગઢ પહોંચશે. વળતામાં આ ટ્રેન જૂનાગઢથી બપોરે 1-40 વાગ્યે ઉપડશે અને સાંજે પાંચ વાગીને પાંચ મિનિટે રાજકોટ પહોંચશે. આ બંને ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ છે.

બંને ટ્રેનો ભક્તિનગર , ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર ઉભી રહેશે.

# AMBAJI ARTI

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું છે કે , અંબાજી મંદિરની ચાલતી પ્રણાલીકા મુજબ આવતી કાલે , બુધવારનાં રોજ મહાશિવરાત્રીની આરતી રાત્રે ૧૨:૦૦ કલાકે રહેશે . ગુરૂવારથી દર્શન તથા આરતીનો સમય રાબેતા મુજબ રહેશે તેમ અંબાજી મંદિરનાં વહીવટદાર અને અધિક કલેક્ટરે જણાવ્યું છે.

# STATE KISAN NIDHI YOJANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે , રાજ્ય સરકાર ખેડૂતોની કોઇપણ સમસ્યાના ઉકેલ લાવવા માટે હંમેશા તત્પર રહી છે. તેમજ રાજ્યના ખેડૂત આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે સરકાર કટિબધ્ધ છે.

ગઈકાલે પીએમ કિ સાન નિધિ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી દ્વારા આ યોજનાના 19માં હપ્તાના ચૂકવણા પ્રસંગે ગાંધીનગરમાં વર્ચ્યુઅલી જોડાયેલા મુખ્યમંત્રીએ જણાવ્યું કે , 19મા હપ્તામાં રાજ્યના 51 લાખથી વધુ ખેડૂતોને એક હજાર 148 કરોડની ચૂકવણી કરવામાં આવી છે.

ડાંગના વધઇ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાનો 'કિસાન સન્માન સમારોહમાં ડાંગ જિલ્લાના 33 હજાર ખેડૂતોના બેન્ક ખાતામાં કિસાન સન્માન નિધિની સહાય રકમ જમા કરાઈ હતી. તો જામનગર જિલ્લાના અંદાજિત એક લાખ ખેડૂતોને અંદાજિત 23 કરોડ રૂપિયાની સહાય તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી હતી.

બનાસકાંઠાના દાંતીવાડા ખાતે રાજ્યસભાના સાંસદ બાબુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં અંદાજિત ૪ લાખ ૩૭ હજાર ખેડૂતોના બેન્ક ખાતામાં અંદાજિત ૮૭.૪૭ કરોડ રૂપિયાની સહાય જમા કરાઈ હતી.

આ પ્રસંગે શ્રી દેસાઈએ આ મુજબ જણાવ્યું

**(બાઈટ: બાબુ ભાઈ દેસાઇ – રાજ્યસભા સાંસદ – બનાસકાંઠા)**

# ANKLAV BJP

આણંદ જિલ્લાની ઓડ અને બોરીયાવી પાલિકા ઉપરાંત હવે આંકલાવ પાલિકા પર પણ ભારતીય જનતા પાર્ટીએ કબ્જો મેળવ્યો છે.

આંકલાવ નગરપાલિકામાં ચૂંટાયેલા 5 અપક્ષ સભ્યોએ ભારતીય જનતા પાર્ટીને સમર્થન જાહેર કરતાં હવે પક્ષના મેન્ડેટ સાથે જીતેલા 10 સભ્યો મળીને કુલ 24 માંથી 15 સભ્યોનું બહુમતીવાળું જૂથ શાસન કરશે.

ભાજપમાં જોડાયેલા તમામ પાંચ અપક્ષ સભ્યોએ ભાજપ કાર્યાલય ખાતે હોદેદ્દારોની હાજરીમાં કેસરિયો ખેસ ધારણ કર્યો હતો.

# VERAVAL CHOPATI

વેરાવળ ચોપાટી ખાતે કલેક્ટર બંગલોની પાછળથી ચોપાટી સુધી આવી શકાય તે પ્રકારે સુરેખ બીચ બનાવવાનું આયોજન જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરાયું છે.

જિલ્લા કલેક્ટરે ગઈકાલે વેરાવળ ચોપાટી ખાતે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ખાતમૂહુર્ત અને ભૂમિપૂજન કર્યું હતું. ખાનગી કંપનીના સહયોગથી આ કામગીરી પૂર્ણ કરાશે.

આ પ્રસંગે ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહે વધુ માહિતી આપી...

**(બાઈટ: દિગ્વિજયસિંહ જાડેજા - જિલ્લા કલેકટર - ગીર સોમનાથ)**

# ANAND – JAUNDICE

પેટલાદ તાલુકાના ધર્મજ ગામ ખાતે છેલ્લા ચાર - પાંચ દિવસથી કમળાના કેસ મળી આવતા આરોગ્ય વિભાગની ટીમો બનાવીને ડોર ટુ ડોર સર્વે કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૯૧ જેટલા કમળાના કેસ મળી આવ્યા છે જે પૈકી ૭ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે અને હાલ ૨૬ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે.

જિલ્લા કલેકટરે ધર્મજ ગામના લોકોને ઉકાળેલું પાણી પીવા માટે અને શક્ય હોય ત્યાં સુધી ક્લોરીનયુક્ત પાણી પીવા અનુરોધ કર્યો છે. અત્યાર સુધી ૧૫ હજાર જેટલી ક્લોરિન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગે કમળાના લક્ષણ દેખાય તો જાતે દવા ન લેતા નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# WEATHER

હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ગરમી અને બફારાનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે. અમદાવાદમાં આગામી ત્રણ દિવસમાં તાપમાન વધીને 36 ડિગ્રી થવાની સંભાવના છે.

ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ 36.07 ડિગ્રી તાપમાન રાજકોટમાં નોંધાયું હતું. જ્યારે સુરતમાં 36.4, ડિસામાં 35.6, ભૂજમાં 35.5, વડોદરા, ભાવનગર, ગાંધીનગરમાં 34.4 અને અમદાવાદમાં 34.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

# TENIC CAMPION

અમદાવાદમાં યોજાયેલી એશિયન અંડર 14 ટેનિસ ચેમ્પિયનશિપમાં વડોદરાના કબીર પરમાર ચેમ્પિયન બન્યો છે. ગુજરાત યુનિવર્સિટી ટેનિસ કોર્ટ ખાતે રમાયેલી ફાઈનલમાં કબીરે નમન બોરાહને 6-3, 6-1થી હરાવીને ખીતાબ મેળવ્યો છે. કબીર ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશનના વર્તમાન ક્રમાંકમાં પાંચમો ક્રમ ધરાવે છે.